For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### શહેરમાંથી 1582 વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ મેળવ્યો

# ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધો.10 વડોદરાનું 78.38% પરિણામ જાહેર


**વર્ષ 2024માં** વડોદરાનું 77.20 ટકા અને 2025 માં 76.5 ટકા નોંધાયું હતું

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા એચએસસીના પરિણામો જાહેર કરાયા બાદ બુધવારે ધોરણ 10 એસએસસી પરીક્ષાનો પણ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં વડોદરાનું 78.38% પરિણામ નોંધાયું છે. વડોદરામાંથી આ વખતે 38,369 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી 37,993 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેરમાંથી 1582 વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ મેળવ્યો છે. મહત્વની બાબત છે કે, વર્ષ 2024 માં વડોદરા નું 77.20 ટકા અને 2025 માં 76.5 ટકા બાદ 2026 માં વધીને 78.38% પરિણામ આવ્યું છે.

રાજ્ય બોર્ડ પરીક્ષામાં કુલ 769993 નિયમિત પરીક્ષાર્થીઓ નોંધાયા હતા, જે પૈકી 756392 પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને 634327 પરીક્ષાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર બનતા નિયમિત પરીક્ષાર્થીઓનું પરિણામ 83.86 ટકા જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રિપીટર પરીક્ષાર્થી તરીકે 70934 પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. તે પૈકી 67404 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી 22598 પરીક્ષાર્થીઓ સફળ થતાં તેઓનું પરિણામ 33.53 ટકા આવ્યું છે.

આ ઉપરાંત GSOS પરીક્ષાર્થી તરીકે નોંધાયેલા કુલ 25313 પરીક્ષાર્થીઓ પૈકી 23353 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી 6590 પરીક્ષાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર બન્યા છે. તેઓનું પરિણામ 28.22 ટકા આવ્યું છે. જે વિદ્યાર્થીઓ અનુત્તીર્ણ થયા હોય અથવા પોતાનું ઈચ્છિત પરિણામ મેળવી શક્યા ન હોય તેવા તમામ વિદ્યાર્થીઓ હતાશ કે નિરાશ થયા વિના આગામી જૂન-2026માં યોજાનારી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ પોતાનું પરિણામ સુધારી શકે તેવો અવકાશ છે. જેથી કોઈપણ વિદ્યાર્થી પૂરક પરીક્ષામાં બેસીને પરિણામને સુધારવા તક લઈ શકે છે. પરીક્ષા વિનિયમો અનુસાર જે વિદ્યાર્થીઓ મુખ્ય પરીક્ષા-2026ની પરીક્ષામાં ગેરહાજર રહયા હોય અથવા ઉત્તીર્ણ / અનુત્તીર્ણ પરીક્ષાર્થીઓ પરિણામ સુધારવા માટે પરીક્ષા આપવા ઈચ્છતા હોય તો તેવા પરીક્ષાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આ પૂરક પરીક્ષાનાં આવેદનપત્રો બોર્ડની વેબસાઈટ www.gseb.org પરથી શાળા મારફતે ઓનલાઈન ભરવાના રહેશે. આવેદનપત્રો તથા ફી શાળા દ્વારા ફક્ત ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. પૂરક પરીક્ષા-2026નું આવેદન બોર્ડની વેબસાઈટ www.gseb.org પરથી ઓનલાઈન ભરવાનું રહેશે. શાળાને મોકલેલ યાદી ફક્ત જાણ માટે જ છે. ઉમેદવારો માટે ફીની રકમ એક વિષય માટે રૂ. 155/-, બે વિષય માટે રૂ. 225/-, ત્રણ વિષયો માટે રૂ. 285/-, ત્રણ વિષયથી વધારે વિષયો માટે રૂ. 415 રહેશે. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારે પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે તેથી કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવાર પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-2026 માટે ઓનલાઈન આવેદન કરવું ફરજિયાત છે. શૂન્ય (0) ફી રિસીપ્ટ રજિસ્ટ્રેશનના આધાર તરીકે સાચવી રાખવાની રહેશે.



પંક્તિ શાહે 98.38 પર્સન્ટાઈલ સાથે ઝળહળતી સિદ્ધિ મેળવતા હર્ષના આશું સરી પડ્યા હતા.

### વડોદરામાં કેન્દ્ર મુજબ પરિણામ

| | |
|---|---|
| ડભોઈ | 76.96% |
| ડેસર | 76.40% |
| મિયાગામ કરજણ | 75.54 % |
| પાદરા | 73.46% |
| સાવલી | 63.04% |
| શિનોર | 81.53% |
| વાઘોડિયા | 67.58% |
| અલકાપુરી | 86.40% |
| સયાજીગંજ | 73.81% |
| રાવપુરા | 81.51% |
| માંડવી | 70.05% |
| કારેલીબાગ | 87.58% |
| મકરપુરા | 89.67% |
| બાજવા | 78.72% |
| વરણામાં | 94.67% |
| અકોટા | 80.41% |
| વાસણા | 88.99% |
| ગોત્રી | 74.01% |
| સમા | 86.07% |
| ઇન્દ્રપુરી | 82.01% |
| આજવારોડ | 82.76% |
| વારસિયા | 81.29% |
| કારેલીબાગ-1- | 72.69% |
| માંજલપુર | 77.02% |
| મકરપુરા તરસાલી | 83.14% |
| જરોદ | 78.18% |
| છાણી | 65.95% |
| ભાયલી | 67.76% |

### સિક્યોરીટી ગાર્ડની દીકરી મેઘના ઠક્કરે 89 ,33% સાથે શિક્ષણ સમિતિમાં પ્રથમ ક્રમ મેળવ્યો



સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળાની મેઘના ઠક્કર 89.33% સાથે પ્રથમ નંબર મેળવ્યો છે. આ વિદ્યાર્થીની ખુબ જ સમાન્ય કુટુંબ માંથી આવે છે. તેના પિતા સિક્યોરીટી ગાર્ડ તરીકે સોસાયટીમાં ફરજ બજાવે છે. જ્યારે વીર સાવરકર હિન્દી માધ્યમિક શાળાના રવિન્દ્રનાથ સિંઘ 88.33% સાથે બીજો નંબર અને ડોક્ટર શ્યામાપ્રસાદ મુખરજી માધ્યમિક શાળાની વિશ્વા પ્રજાપતિ 87 ટકા સાથે શિક્ષણ સમિતિમાં ત્રીજા નંબરે ઉત્તીર્ણ થયેલા છે. કુલ 10 શાળાઓના વિદ્યાર્થીઓનું ધોરણ 10 નું સરેરાશ પરિણામ 56.34% આવેલ છે. આ વર્ષે કુલ 10 શાળાઓના 352 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ હતી જેમાંથી 204 વિદ્યાર્થીઓ પાસ થયેલા છે. આ પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી 80% થી વધુ ગુણ મેળવનાર 12 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

### પૂ.શ્રી જસુબા સ્વામી વિદ્યામંદિરનું 96.36% પરિણામ



પ્રિયાંશી-નિરાલી



જીગર રાઠવા

શ્રી મેથી ગ્રુપ કેળવણી મંડળ સંચાલિત પૂજ્ય શ્રી જસુબા સ્વામી વિદ્યામંદિર, મેથીએ ધોરણ 10 બોર્ડ પરીક્ષા માર્ચ 2026માં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરીને ગૌરવની નવી સિદ્ધિ નોંધાવી છે. શાળાનું કુલ પરિણામ 96.36% નોંધાયું છે. આ પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમાંક જિગરકુમાર સંજયભાઈ રાઠવા, મેથી છાત્રાલય - ટકા: 88.50%, PR: 93.79, ગ્રેડ: A2, દ્વિતીય ક્રમાંક પ્રિયાંશી વિક્રમસિંહ ચૌહાણ, બાવળીયા - ટકા: 87.17%, PR: 92.36, ગ્રેડ: A2 અને તૃતીય ક્રમાંક નિરાલીબેન ગિરવતસિંહ પરમાર, બાવળીયા - ટકા: 83.83%, PR: 88.49, ગ્રેડ: A2. વિદ્યાર્થીઓના આ શાનદાર પ્રદર્શન બદલ શાળા પરિવાર, શિક્ષકમંડળ તથા વાલીઓ દ્વારા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### હું ડોક્ટર બની લોકોની સેવા કરીશ



શાંભવી સત્યમ નેવાસકર
95.42 પર્સન્ટાઈલ

95.42 પર્સન્ટાઈલ આવ્યા છે. તમામ સબ્જેક્ટમાં A-1 ગ્રેડ મેળવ્યો છે. મારે આગળ જઈને ડોક્ટર બનવું છે. પરીક્ષાની તૈયારી માટે આઠથી દસ કલાક સખત મહેનત કરતી હતી. જ્યારે ફ્રી ટાઇમ મળતો હતો. ત્યારે માઈન્ડ રિફ્રેશ કરવા માટે ફક્ત 10 થી 15 મિનિટ મોબાઇલમાં બ્રાઉઝિંગ કરતી હતી. એનામાં પણ વધારે મોટીવેશનલ વિડીયો જોતી હતી. મારા 10માં ધોરણમાં વધારે ગુણ આવ્યા તેનો શ્રેય હું અમારા ભગવાન શ્રીસ્વામી સમર્થ મહારાજ,મારા ગુરુ, માતા પિતાને આપવામાં માગું છું.

### ટ્યુશન કલાસ વિના 2 કલાકની મહેનતે વિદ્યાર્થીએ ઝળહળતી સફળતા મેળવી



શાનવી જાદવ
98 પર્સન્ટાઈલ

વિદ્યાર્થીની શાનવી જાદવે ધોરણ 10માં 98 પર્સન્ટાઈલ મેળવી ઉત્તમ સફળતા હાંસલ કરી છે. પોતાની મહેનત અને લગનથી તેણે આ સિદ્ધિ મેળવી હોવાનું જણાવ્યું હતું. હવે આગળ તે A ગ્રૂપ સાયન્સમાં અભ્યાસ કરવાનો નિર્ધાર વ્યક્ત કરે છે. શાનવીએ પોતાની સફળતાનો શ્રેય સ્કૂલના શિક્ષકોને આપ્યો છે અને ખાસ કરીને ટ્યુશન ક્લાસ વિના પ્રાપ્ત થયેલી આ સિદ્ધિને મહત્વપૂર્ણ ગણાવી છે. તે દરરોજ નિયમિત રીતે લગભગ 2 કલાક અભ્યાસ કરતી હતી.

### ઈડલી વડા વેચનાર માતા-પિતાની મહેનત રંગ લાવી





હેનીલ રાહુલભાઈ પંચાલ
99.56 પર્સન્ટાઈલ

આ મારું અને મારા પેરેન્ટ્સનું હાર્ડ વર્ક હતું. મારા માતા પિતા જે રીતે મહેનત કરે છે. એ રીતે મેં પણ સખત મહેનત કરી આ પરિણામ મેળવ્યું છે. મેં કોઈ કલાસ નથી કર્યા. મારા કરીક્યુલમથી જાતે જ અભ્યાસ કરવાનું નક્કી કર્યું, સવારથી લઈ સાંજ સુધી ટાઈમ ટેબલ ફિક્સ હતું. દરરોજ સાંજે 4 થી 7 વાગ્યા સુધી ભણતો હતો. આગળ કોમર્સ લઈ સીએ બનવું છે.

### એમ્બ્યુલન્સ ચાલકના પુત્રે પરિવારને ગૌરવ અપાવ્યું

જૈનિશ નરેશ જોશી
66 ટકા



વિદ્યાર્થી જૈનિશ નરેશ જોશીએ પોતાના પરિણામ અંગે જણાવતાં કહ્યું કે તેમને 66 ટકા ગુણ પ્રાપ્ત થયા છે. આ સફળતા પાછળ તેમના માતા-પિતાનો મોટો ફાળો રહ્યો છે. તેમના પિતા એમ્બ્યુલન્સ ડ્રાઈવર તરીકે સેવા આપે છે, જ્યારે માતા ડેન્ટલ ક્લિનિકમાં આસિસ્ટન્ટ તરીકે કાર્યરત છે અને બંનેએ તેમના અભ્યાસ માટે સતત સંઘર્ષ કર્યો છે. જૈનિશે જણાવ્યું કે તેઓ દરરોજ નિયમિત રીતે 6 થી 7 કલાક અભ્યાસ કરતા હતા. વહેલી સવારે ઉઠીને પૂજા પાઠ કર્યા બાદ સમયપત્રક મુજબ અભ્યાસ કરતા હતા. શિસ્તબદ્ધ જીવનશૈલી અને મહેનતને કારણે તેમને આ પરિણામ મળ્યું છે. આગળ તેઓ મશીન લર્નિંગ ક્ષેત્રમાં એન્જિનિયરિંગ ડિપ્લોમા કરવાનો નિર્ધાર વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં ટેક્નોલોજી ક્ષેત્રમાં આગળ વધવા માંગે છે.

### પ્રેમ સંબંધમાં ઉપજેલી આશંકાથી ઉશ્કેરાયેલા પ્રેમીએ પ્રેમિકાને પતાવી દીધી

# પ્રેમપ્રકરણનો કરુણ અંજામ, અંકોડીયામાં પ્રેમિકાની હત્યા કરનાર પ્રેમી ઝડપાયો

**મિનિ** વોટરપાર્ક પાસે લઈ જઈ વાયરથી ગળે ટૂંપો આપી હત્યા કર્યા બાદ લાશ ચાદરમાં વીંટાળી ખેતરમાં ફેંકી દીધી હોવાની આરોપીની કબુલાત

**હત્યારાને** સાથે રાખીને સમગ્ર હત્યાની ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કરાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરના અંકોડિયા વિસ્તારમાં યુવતીની હત્યાની ચોંકાવનારી ઘટનામાં પોલીસે ઝડપથી કાર્યવાહી કરીને આરોપી પ્રેમીને ઝડપી લીધો છે. પ્રેમ સંબંધમાં ઉપજેલી આશંકાના કારણે પ્રેમી પોતાની જ પ્રેમિકાને મોતને ઘાટ ઉતારી દીધી હતી. વાયરથી ગળુ દબાવી હત્યા કર્યા બાદ લાસને ખેતરમાં ફેંકી દીધી હોવાની પણ આરોપીએ કબુલાત કરી છે.

અંકોડિયા વિસ્તારમાં ઝાડી-ઝાંખરામાં સોમવારે એક યુવતીનો મૃતદેહ મળતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેડવી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ હત્યાની આશંકા વ્યક્ત થતા FSL ટીમની પણ મદદ લેવામાં આવી હતી.

તપાસ દરમિયાન મૃત યુવતીની ઓળખ દિવ્યા પરમાર તરીકે થઈ હતી, જે મુજમહુડા ગામની વતની હતી અને મહેંદી મૂકવાનું કામ કરતી હતી. બનાવના એક દિવસ પહેલા તે કામે જવાનું કહીને ઘરેથી નીકળી હતી પરંતુ પરત ફરી ન હતી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે દિવ્યા છેલ્લા પાંચથી છ મહિનાથી રોહન વણકર ઉર્ફે પરમાર નામના યુવક સાથે પ્રેમ સંબંધમાં હતી. આરોપી રોહન શહેરના ગાય સર્કલ વિસ્તારમાં આવેલી એક ટી પોસ્ટમાં કામ કરતો હતો. જ્યારે દિવ્યા નજીકની ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી હતી.

આરોપીને દિવ્યા પર અન્ય કોઈ સાથે સંબંધ હોવાની શંકા હતી. જેના કારણે તેણે દિવ્યાને અંકોડિયા વિસ્તારમાં આવેલા મિનિ વોટરપાર્ક ખાતે મળવા બોલાવી હતી. ત્યાંથી તેને એકાંત જગ્યાએ લઈ જઈ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

આવેશમાં આવીને આરોપીએ ત્યાં પડેલા કોમ્પ્યુટર વાયરથી દિવ્યાનું ગળું દબાવીને તેની હત્યા કરી નાખી હતી. બાદમાં લાશને ચાદરમાં વીંટાળી નજીકમાં જ ફેંકી દીધી અને પોતે ફરાર થઈ ગયો હતો.

પરંતુ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને તપાસના આધારે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો હતો. આરોપીની અટકાયત કર્યા બાદ તેને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શન પણ કરવામાં આવ્યું હતું. જેમાં આરોપીએ પ્રેમિકાની હત્યા કરી હોવાની કબુલાત કરી હતી. હાલમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પાંચ દિવસ અગાઉથી પ્રેમિકાની હત્યાનો પ્રેમીએ પ્લાન બનાવ્યો

પ્રેમિકાની હત્યા કરનાર આરોપી રોહન વણકર ટી-પોસ્ટમાં મેનેજર તરીકે કાર્યરત હતો અને છેલ્લા ચાર વર્ષથી વડોદરામાં રહેતો હતો. જાન્યુઆરી મહિનાથી તેની યુવતી સાથે ઓળખાણ થઈ હતી, પરંતુ છેલ્લા 15 દિવસથી બંને વચ્ચે સતત ઝઘડા થતા હતા. તપાસમાં જાણવા મળ્યું કે યુવતી અન્ય કોઈ સાથે સંબંધમાં જઈ શકે તેવા ભયથી આરોપીએ પાંચ દિવસ અગાઉથી હત્યાનું આયોજન કર્યું હતું.ઘટના દિવસે આરોપીએ યુવતીને સ્કૂટી પર અવાવરૂ જગ્યાએ લઈ જઈ લેપટોપના ચાર્જિંગ વાયર વડે તેની હત્યા કરી હતી. બાદમાં યુવતીનો મોબાઇલ બંધ કરી દીધો હતો. જેથી કોઈ સંપર્ક ન થઈ શકે.

### ચાદર પર લગાવેલા ડીમાર્ટના ટેગ પરથી પોલીસ આરોપી સુધી પહોંચી

વડોદરામાં પ્રેમ પ્રકરણનો ચોંકાવનારો અને કરુણ અંત સામે આવ્યો છે. આ બાબતે જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલે મીડીયા સમક્ષ માહિતી આપતા જણાવ્યું કે હત્યા બાદ યુવતી પાસેથી મળેલી ચાદર પરથી કેસનો ભેદ ઉકેલાયો હતો. આ ચાદર પર ડી-માર્ટમાંથી ખરીદેલી ટેગ જોવા મળતા પોલીસે શહેરના તમામ ડી-માર્ટના CCTV ફૂટેજ તપાસ્યા હતા. ઘણા શંકાસ્પદ લોકોને ચેક કરવામાં આવ્યા હતા તપાસ દરમિયાન ખુલ્યું કે આરોપીએ બે દિવસ અગાઉ જ આ ચાદર ખરીદી હતી. વાયરથી હત્યા કર્યા બાદ લાસ્ટ ચાદરમાં લપેટીને ખેતરમાં ફેંકી હતી આરોપીના રિમાન્ડની તજવીજ હાથ ધરાઈ છે.પોલીસે તકેદારીપૂર્વક તપાસ કરીને આરોપીને ભરૂચના નેત્રંગ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.

### ભાજપનું 'મિશન સ્થાનિક સ્વરાજ્ય' હાલ પૂરતું મોકૂફ

# વડોદરા સહિત રાજ્યભરના નવા હોદ્દેદારોની પસંદગી હવે 12 મે પછી થશે

**વડાપ્રધાનના** આગામી કાર્યક્રમોને પગલે પાલમિેન્ટ્રી બોર્ડની બેઠક રદ



(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નવા સુકાનીઓની નિમણૂકને લઈને ચાલી રહેલી ઉત્તેજના વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગરમાં જે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાવાની હતી તે હાલ પૂરતી રદ કરવામાં આવી છે. હવે રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતોમાં હોદ્દેદારોની પસંદગી પ્રક્રિયા આગામી 12 મે બાદ હાથ ધરવામાં આવશે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી ગુજરાત પ્રવાસ અને વિવિધ કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને પક્ષ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. વડાપ્રધાનના કાર્યક્રમો પૂર્ણ થયા બાદ જ હવે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળશે, જેમાં વડોદરા સહિતના શહેરો માટે મેયર, પ્રમુખ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના નામો પર અંતિમ મહોર મારવામાં આવશે.

જો કે, મુખ્યમંત્રી નિવાસસ્થાને અને મંત્રી નિવાસસ્થાને આજે પણ બેઠકોનો દોર ચાલુ રહ્યો હતો. ઝોન વાઈઝ નિરીક્ષકો દ્વારા જે 'સેન્સ' લેવામાં આવી છે, તેનો ડેટા તૈયાર કરી લેવામાં આવ્યો છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓની રજૂઆતો અને સ્થાનિક સમીકરણો પર પ્રાથમિક મંથન પૂર્ણ થઈ ગયું છે, પરંતુ સત્તાવાર જાહેરાત અને હાઈકમાન્ડની અંતિમ મંજૂરી હવે 12 મે પછી જ મળશે.

પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક પાછી ઠેલાતા દાવેદારોમાં પ્રતીક્ષાનો ગાળો લંબાયો છે. ખાસ કરીને વડોદરા જેવી મહત્વની કોર્પોરેશનમાં કોણ નવા સુકાની બનશે તેને લઈને અનેક તર્ક-વિતર્ક સર્જાઈ રહ્યા છે. પક્ષના આંતરિક વર્તુળોનું કહેવું છે કે 12 મે બાદ ગમે ત્યારે મેરેથોન બેઠકો યોજીને એકસાથે તમામ સંસ્થાઓના સુકાનીઓના નામ જાહેર કરી દેવામાં આવશે.

### ખોડિયાર નગરમાં કળયુગી પુત્રનો આતંક

# 'બાપ' સામે 'બેટો' બન્યો કસાઈ, ગાડી અને પૈસા માટે પૂજારી પિતાને ચપ્પુના ઘા ઝીંક્યા

**સિદ્ધેશ્વર** હાર્મનીમાં પિતા-પુત્રના સંબંધોમાં મિલકત અને મોજશોખની લાગી આગ, 55 વર્ષીય પૂજારી પિતા પર જીવલેણ હુમલો



(પ્રતિનિધિ) વડોદરા. તા.6

વડોદરામાં સંબંધોને શર્મસાર કરતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. શહેરના ખોડિયાર નગર વિસ્તારમાં રહેતા એક કળયુગી પુત્રએ સામાન્ય લાલચમાં આવી પોતાના જ જન્મદાતા પિતા પર જીવલેણ હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ગાડી અને પૈસાની માંગણી પૂરી ન થતા ઉશ્કેરાયેલા પુત્રએ પિતાને ચપ્પુના ઉપરા-છાપરી ઘા મારી ઈજાઓ પહોંચાડી છે.

ખોડિયાર નગર સ્થિત 'સિદ્ધેશ્વર હાર્મની' ના મકાન નંબર C-102 માં રહેતા 55 વર્ષીય જયંતીલાલ મણીલાલ નાગર વ્યવસાયે પૂજારી છે. ગત રાત્રિના રોજ તેઓ પોતાની પૂજા-પાઠની વિધિ પતાવીને ઘરે પરત ફર્યા હતા. પિતા ઘરે આવતાની સાથે જ પુત્ર હાર્દિકે તેમની પાસે પૈસા અને ગાડીની માંગણી કરી હતી. પિતા જયંતીલાલે પુત્રની આ જીદ સામે અસમર્થતા દર્શાવી પૈસા આપવાની ના પાડતા હાર્દિક આવેશમાં આવી ગયો હતો. લોહીના સંબંધની મર્યાદા ભૂલી હાર્દિકે ઘરમાં રહેલું ચપ્પુ ઉઠાવી પિતા પર હુમલો કરી દીધો હતો. હાર્દિકે એક પછી એક ચપ્પુના ઘા ઝીંકવાનું શરૂ કર્યું હતું, જેમાં જયંતીલાલને પીઠના જમણા ભાગે, ખભા પર અને ગરદન જેવા નાજુક અંગો પર ઈજાઓ પહોંચી હતી.

લોહીલુહાણ હાલતમાં પિતાની ચીસાચીસ સાંભળી પરિવારના અન્ય સભ્યો દોડી આવ્યા હતા અને હુમલાખોર પુત્રથી પિતાને બચાવ્યા હતા. ઘટનાની જાણ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ ને કરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત જયંતીલાલને તાકીદે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. પૈસા અને ભૌતિક સુખની લાલસામાં આજે માનવી એટલો આંધળો બની ગયો છે કે તે પોતાના પિતા પર હાથ ઉપાડતા પણ ખચકાતો નથી.

# કેન્દ્રીય મા.શિક્ષણ બોર્ડ દ્વારા માર્ક્સ આધારિત મૂલ્યાંકન પદ્ધતિમાં ફેરફાર

**નર્સરીથી** ધોરણ-8 સુધી હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ,બાળકો પોતાનું મૂલ્યાંકન કરશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સત્ર 2026-27થી મૂલ્યાંકન પદ્ધતિમાં ઐતિહાસિક ફેરફાર કરવામાં આવી રહ્યો છે. હવે પરંપરાગત માર્ક્સના આધારે થતી મૂલ્યાંકન પદ્ધતિને નાબૂદ કરી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવશે. નવી મૂલ્યાંકન પદ્ધતિમાં બાળકના માત્ર પુસ્તકિયા જ્ઞાનનું જ નહીં, પરંતુ તેના વર્તન, કૌશલ્ય, સર્જનાત્મકતા અને માનસિક વિકાસનો સંપૂર્ણ હિસાબ રાખવામાં આવશે.

કેન્દ્રીય માધ્યમિક બોર્ડ દ્વારા નર્સરીથી ધોરણ-8 સુધીના બાળકો માટે ખાસ હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ તૈયાર કરવામાં આવ્યું છે. આ સાથે જ વાલીઓ માટે પેરેન્ટિંગ કેલેન્ડરનું બ્લુપ્રિન્ટ પણ તૈયાર કરી દેવાયું છે. આ નવી પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ બાળકોને ગોખણપટ્ટીની પ્રથામાંથી મુક્તિ અપાવવાનો છે. નવી મૂલ્યાંકન પદ્ધતિમાં બાળકના માત્ર પુસ્તકિયા જ્ઞાનનું જ નહીં, પરંતુ તેના વર્તન, કૌશલ્ય, સર્જનાત્મકતા અને માનસિક વિકાસનો સંપૂર્ણ હિસાબ રાખવામાં આવશે. આ પ્રોગ્રેસ કાર્ડમાં શિક્ષકોની સાથે બાળકો પણ પોતાની જાતને નંબર આપશે. એટલે કે સ્વ-મૂલ્યાંકનને પણ મહત્વ આપવામાં આવશે. હાલમાં આ પદ્ધતિ નર્સરીથી ધોરણ-8 સુધીના વિદ્યાર્થીઓ પર લાગુ કરવામાં આવી રહી છે. આગામી તબક્કામાં ધોરણ-9 થી 12માં પણ તેની શરૂઆત કરવામાં આવશે. સીબીએસસી એ આ અંગે તમામ શાળાઓને નિર્દેશો જારી કરી દીધા છે. શિક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે આ પગલાથી વિદ્યાર્થીઓ પરથી માર્ક્સનો બિનજરૂરી બોજો ઘટશે અને તેમના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળશે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### અમદાવાદથી નીકળ્યા ત્યારથી એસી ચાલતું ન હતું

# અમદાવાદથી મુંબઈ જતી શતાબ્દી એક્સપ્રેસમાં એસી ઠપ્પ થતાં હોબાળો



(પ્રતિનિધિ) વડોદરા,તા.6

અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ જતી ટ્રેન શતાબ્દી એક્સપ્રેસની એસી સિસ્ટમ ફેલ થઈ જતા મુસાફરોને ભારે હાલાકી ભોગવી પડી હતી. અમદાવાદથી નીકળ્યા ત્યારથી જ એસી કામ કરતું નહીં હોવાના આક્ષેપ સાથે મુસાફરોએ વડોદરા રેલવે સ્ટેશન પર હોબાળો મચાવ્યો હતો.

વડોદરા રેલવે સ્ટેશન પર મુસાફરોએ સ્ટેશન માસ્તર અને ટીટીને ઘેરી લઈ ફરિયાદ નોંધાવી હતી. મામલો બીચકતા રેલવે કર્મચારીઓએ તાત્કાલિક ટેકનિકલ ટીમ બોલાવી એસી રીપેર કરવાનો પ્રયાસ કર્યો હતો. લગભગ કલાકો સુધી ટ્રેન વડોદરા સ્ટેશને રોકાયેલી રહી હતી. જ્યાં એસી શરૂ નહીં થતા કેટલાક મુસાફરોને અન્ય કોચમાં સેટ કરવામાં આવ્યા હતા સાથે જ અસરગ્રસ્ત મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા અને રિફંડ આપવામાં આવશે. જેને લઈને રેલવે ભાડાની રકમ રિફંડ કરવાની ખાતરી આપ્યા બાદ મામલો થાળે પડ્યો હતો. મહિલા મુસાફરે જણાવ્યું હતું કે, અમે લોકો અમદાવાદથી બેઠા હતા. શતાબ્દી ટ્રેન ત્યાં મુકાઈ જાય છે અને અડધો કલાક રાહ જોઈ એમને કીધુ C1 કોચ આવ્યો નથી. કારણ કે જ્યારે બોમ્બે થી ટ્રેન આવી હતી. ત્યારે, તેની સ્પ્રિંગ ખરાબ હતી. એટલે અમે લોકો બહાર તડકામાં રાહ જોઈ, સી વન કોચ આવ્યો અને પછી સફાઈ કરી 3:10 એ ટ્રેન ઉપડી. ત્યારે, એસી ચાલતું ન હતું. અમે બધા પેસેન્જરોએ ફરિયાદ કરી અમને કીધું પાંચ દસ મિનિટ સપોર્ટ કરો. કોમ્પ્રેસર હમણાં ચાલુ થઈ જશે. અમે અત્યારે, વડોદરામાં આવ્યા હતા. બે કલાક થઈ ગયા પણ એ લોકોએ કોઈ એસી ચાલુ કર્યું નહોતું. હવે એવું કહે છે કે, અહીંયા ગેસ ખરાબ થઈ ગયો છે. ગેસ ખલાસ થઈ ગયો છે. એટલા માટે આ તકલીફ ઊભી થઈ છે. ડબ્બામાં દેખાય છે કે ગેસ એક્સપાયર્ડ છે કશું ચેક કરતા નથી, રીન્યુ કરતા નથી. અમને એટલુ જ કીધું યાર્ડ માંથી ડબ્બો આવ્યો છે. એટલે અમને કોઈ જાણકારી નથી અને અમે જ્યારે કીધું કે અમને રિફંડ આપી દો તો બદલામાં ઉડાઉ જવાબ આપ્યો હતો.